


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૦ ૧ જાન્યુઆરી, ૨૦૨૦, બુધવાર; પોષ સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નવા વર્ષને હર્ષોલ્લાસથી વધાવાયું

## ન્યુઝીલેન્ડમાં ભારતીય સમય મુજબ ૪.૩૦ વાગે નવા વર્ષની શરૂઆત : નવા વર્ષનું આતશબાજીની સાથે સ્વાગત : યુરોપિયન દેશોમાં કરોડો રૂપિયાના ખર્ચથી આતશબાજી : નવા વર્ષના જશ્ન હવે આગામી બે-ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે : ભારતમાં પણ ભવ્ય ઉજવણી

નવી દિલ્હી, તા.૩૧

વર્ષ ૨૦૧૯ને પરંપરાગતરીતે આજે વિદાય આપવામાં આવી હતી. સાથે સાથે વર્ષ ૨૦૨૦ના નવા વર્ષની ઉજવણીનો દોર પણ શરૂ થઈ ગયો હતો. નવા વર્ષની સૌથી પહેલા ઉજવણી ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં થઈ હતી જ્યાં ભવ્ય આતશબાજી કરાઈ હતી. હવે આ જશ્ન આગામી બે દિવસ સુધી ચાલુ રહે તેવી સંભાવાના છે. સમગ્ર વિશ્વના દેશો જશ્નમાં ડુબી ચૂક્યા છે. સાંજ પડતાની સાથે જ કાર્યક્રમો વર્ષ ૨૦૧૯ને વિદાય આપવા અને ૨૦૨૦નો આવકારવા શરૂ થયા હતા જે હવે આગામી એક-બે દિવસ સુધી યથાવતરીતે ચાલુ જ રહેશે. નવા વર્ષે ન્યૂઝીલેન્ડમાં એન્ટ્રી કરી લીધી હતી. ભારતીય સમય મુજબ સાંજે ૪.૩૦ વાગે ન્યૂઝીલેન્ડના સ્થાનિક સમય મુજબ નવા વર્ષની શરૂઆત થઈ ગઈ હતી. આ પ્રસંગે ન્યૂઝીલેન્ડના શહેર ઓકલેન્ડમાં શાનદાર આતશબાજી કરવામાં આવી હતી. ઓકલેન્ડના લોકો રાત્રિ ગાળા દરમિયાન જશ્નમાં ડુબેલા રહ્યા હતા. ૧૨ વાગતાની સાથે જ સમગ્ર ઓકલેન્ડમાં ઉજવણી શરૂ થઈ હતી. વિશ્વભરમાં ન્યુઝીલેન્ડમાં સૌથી પહેલા નવા વર્ષની એન્ટ્રી થાય છે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ એશિયન દેશમાં નવા વર્ષની શરૂઆત થાય છે. વર્ષ ૨૦૧૯ને વિદાય આપવા અને વર્ષ ૨૦૨૦નું સ્વાગત કરવા માટે વિશ્વના દેશો સંપૂર્ણપણે તૈયાર થયા હતા. જુદા જુદા દેશોમાં પાર્ટીઓનો દોર નવા વર્ષની શરૂઆત થાય તે પહેલાં જ શરૂ થયો હતો. પરંપરાગત રીતે ઘણા દેશોમાં નવા વર્ષનું ભવ્ય આતશબાજી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા વર્ષને આવકારવા મોટા દેશોમાં ઘણા દિવસ પહેલાંથી જ તૈયારીઓ કરી લેવામાં આવી હતી.નવા વર્ષને આવકારવામાં લોકો વ્યસ્ત દેખાયા હતા. ન્યુઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં નવા વર્ષની સૌથી પહેલા શરૂઆત થઈ હતી. ઓકલેન્ડ નવા વર્ષની ઉજવણી કરનાર વિશ્વનું સૌથી પ્રથમ શહેર બને છે. ઓસ્ટ્રેલિયાના સિડની, મેલબોર્ન, પર્થમાં ભવ્ય આતશબાજીના નજારા જોવા મળ્યા હતા. બીજી બાજુ વિશ્વના દેશો પણ નવા વર્ષનું ભવ્ય કાર્યક્રમ અને શાનદાર આતશબાજી સાથે સ્વાગત કરવા સુસજ્જ થઈ ગયા હતા. ઓકલેન્ડ શહેર બાદ ઓસ્ટ્રેલિયાના પાટનગર સિડનીમાં ઉજવણી કરવામાં આવી હતી. સિડનીના લોકપ્રિય બંદર પર નવા વર્ષની ઉજવણી માટે પહેલાથી જ તૈયારી કરી લેવામાં આવી હતી. સમગ્ર વિશ્વના લોકો ૨૦૧૯ને ગુડબાય કરવા અને ૨૦૨૦ને આવકારવા પહેલાથી જ તૈયાર થઈ ગયા હતા. ઓસ્ટ્રેલિયામાં સિડની હાર્બર ખાતે વેન્ટેજ પોઈન્ટ ઉપર લાખો લોકો એકત્રિત થયા હતા. સિડની હાર્બર બ્રિજ ઉપર પણ શાનદાર આતશબાજી જોવા મળી હતી. ન્યૂઝીલેન્ડના શહેર ઓકલેન્ડમાં સમગ્ર આકાશ આતશબાજીથી છવાઈ ગયુ હતુ. ઓસ્ટ્રેલિયા પણ વિવિધ કાર્યકમો રાતભર ચાલનાર છે. વર્ષ ૨૦૧૯માં બનેલી કેટલીક દુઃખદ ઘટનાઓને ભુલી જઈને વિશ્વના લોકો ૨૦૨૦ની આવનારી ખુશીને લઈને આશાસ્પદ દેખાયા હતા. વર્તમાન સમયમાં વિશ્વની સ્થિતિ એવી બની છે જેમાં ઘરની દરેક વ્યક્તિ નોકરી કરતી થઈ છે. મોંઘવારી સતત વધી રહી છે. આવામાં પરિવારની એક વ્યક્તિ નોકરી કરે તેનાથી ઘરને વ્યવસ્થિત ચલાવવું વ્યવસ્થિત નથી જેથી પરિવારના ઘણા લોકો નોકરી કરતા થયા છે. આવી સ્થિતિમાં કોઈપણ પ્રસંગની ઉજવણી સારી રીતે થાય તે સ્વાભાવિક છે. સમગ્ર વિશ્વમાં નવા વર્ષની ઉજવણીનો દોર શરૂ થઈ ગયો છે જે હવે આગામી બે ત્રણ દિવસ સુધી જારી રહેશે. શાનદાર આતશબાજીનો નજારો જોવા મળી રહ્યો છે.







# મનોજ નરવણેએ સેના અધ્યક્ષનો હોદ્દો સંભાળ્યો

નવીદિલ્હી, તા. ૩૧

ભારતીય ભૂમિ સેનાના નવા પ્રમુખ તરીકે આજે લેફ્ટીનન્ટ જનરલ મનોજ મુકુંદ નરવણેએ જવાબદારી સંભાળી લીધી હતી. નરવણેએ જનરલ બિપીન રાવતની જગ્યા લઈ લીધી છે જે ત્રણ વર્ષ સુધી સેના પ્રમુખ તરીકે રહ્યા બાદ દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) તરીકે નિમાયા છે. નવી દિલ્હીના સેના ભવનમાં રાવતે પરંપરા મુજબ બેટન સોંપીને નરવણેને ચાર્જ સોંપી દીધો હતો. મહારાષ્ટ્ર સાથે સંબંધ ધરાવતા નરવણેને મુશ્કેલ મોરચા ઉપર સફળતા અને શાનદાર નેતૃત્વ ક્ષમતા માટે ઓળખવામાં આવે છે. આની સાથે જ નવા આર્મી વડા પોતાના સહ કર્મીઓ

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્દોર દેશનું સૌથી સ્વચ્છ શહેર

ઈન્દોર, તા. ૩૧

કેન્દ્ર સરકારના સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત ચોથી વખત ઈન્દોર દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ચૂંટાઈ આવતા ત્યાના લોકોએ રાહતનો દમ લીધો છે. કેન્દ્ર સરકારના સ્વચ્છતા સર્વેક્ષણના એપ્રિલથી જૂન વચ્ચેના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભાપોલને દેશભરના બીજુ સ્થાન મળ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર




